*રેગ્યુલર સમરી સ્યુટ નં.૪૪/૨૦૨૪*

## ***<u>આંક-૦૧ લગત હુકમ</u>***

હાલના કામમાં આંક-૦૭, આંક-૦૮ તથા આંક-૦૯ થી પ્રતિવાદીઓને હુકમ ૩૭ નિયમ ૨ મુજબનો ૧૦ દિવસનો સમન્સ બજી ગયેલ છે. જે સમન્સ તા.૩૦.૧૧.૨૦૨૪ તથા તા.૦૨.૦૫.૨૦૨૫ ના રોજ બજેલ છે અને છતાં પ્રતિવાદીઓ કે તેમના મારફત કોઇ એડવોકેટ કોર્ટ સમક્ષ હાજર થયેલ નથી. જેથી હુકમ ૩૭ નિયમ ૨(૩) મુજબ પ્રતિવાદીઓએ દાવાઅરજી ગ્રાહ્ય રાખી છે તેવો મતલબ થાય અને વાદી તરત જ હુકમનામુ મેળવવા હક્કદાર બને છે. જેથી તમામ સંજોગો ધ્યાને હું નીચે મુજબનો આખરી હુકમ કરુ છુ.

## ***<u>-ઃ હુ ક મ ઃ-</u>***

1. આથી વાદીની દાવાઅરજી મંજુર કરવામા આવે છે.
2. આથી વાદી પ્રતિવાદી પાસેથી રૂા.૧,૭૧,૭૬૪/- દાવા તારીખથી વસુલ થતા સુધી વાર્ષીક ૦૭ ટકાના ચઢતા વ્યાજ સહિત વસુલ મેળવવા હુકમ કરવામા આવે છે.
3. પ્રતિવાદીએ પોતાનુ ખર્ચ જાતે ભોગવવુ તથા વાદીનુ ખર્ચ પ્રતિવાદીએ ભોગવવુ.
4. હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજરોજ તારીખ ૦૯મી માહે જુલાઇ સને ૨૦૨૫ના રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯/૦૭/૨૦૨૫
ખંભાત

**(બી.એચ.ઓડેદરા )**
**પ્રિન્સીપાલ સીનીયર સિવિલ જજ,**
**ખંભાત**
**( જજ કોડ નં. જી.જે. ૦૦૮૦૪ )**